પશુ સહયોગી

સાથે મળીને કામ કરતા પ્રાણી

જીંજર એલ. ક્લાર્ક

પશુ સહયોગી

સાથે મળીને કામ કરતા પ્રાણી



જીંજર એલ. ક્લાર્ક

પરિચય

ઘણા જાનવર બીજા જાનવરોની મદદ કરે છે. થોડા એક-બીજાને જોખમથી બચાવે છે. થોડા સફાઈકામ કરે છે. થોડા પોતાના ઘરમાં બીજાને રહેવા દેય છે. કોયોટે અને અમેરિકન બેજર તો સાથે મળીને શિકાર પણ કરે છે, જોકે ભોજન માટે એ પ્રતિસ્પર્ધા પણ કરે છે.

આ બધા જાનવર સહયોગી જીવ છે. એ પોતાની કુશળતાને જોડે છે, એટલે એ એક સાથે વધારે સારી રીતે જીવી શકે છે. આ સમૂહકાર્યને સહજીવન (સિમ્બાયોસીસ) કહેવાય છે. જીવોના સાથે-સાથે કામ કરવાના કારણ આશ્ચર્યજનક હોઈ શકે છે. આવો જાણીયે કે ક્યા જાનવર એક-બીજાના સહયોગી છે!

પક્ષી મિત્ર

મોટા ભાગના પક્ષી મોટું મોઢું અને તીક્ષ્ણ દાંતવાળા જાનવરોથી દૂર રહે છે. પણ ઇજિપ્તનું નાનું પ્લોવર પક્ષી એનાથી ડરતું નથી. થોડા લોકોનું કહેવું છે કે એ નાઇલ નદીમાં મગરના મોઢામાં કૂદી જાય છે!

મગરના દાંતમાં ખાવાના ટૂકડા ફસાઈ જાય છે. જયારે એને ફસાયેલું ખાવાનું કાઢવામાં મદદની જરૂર પડે છે, તો એ એનું મોઢું ખોલે છે. બહાદુર પ્લોવર, મગરના દાંત સાફ કરવા અને નાસ્તો કરવા એના મોઢામાં કૂદી જાય છે. એની મદદનો આભાર માનવા માટે મગર પક્ષીને ખાતો નથી.

સૌથી સારા જાનવર સહયોગી મદદ કરે પણ છે અને મેળવે પણ છે. આ પ્રકારના સહજીવનને પારસ્પરિકતા કહેવાય છે કારણકે એના કાર્ય એક-બીજા માટે પરસ્પર હોય છે. બધાની જીત થાય છે!

સફાઇ સેવા આપવાવાળું બીજું એક પક્ષી ઓક્સપેકર છે. એને "ટિકબર્ડ" પણ કહેવાય છે. કેમ? એ મોટા આફ્રિકી જાનવરોનું લોહી ચૂસવાવાળી ટિકસ (બગાઇ) ને ખાઇ જાય છે.

ઓક્સપેકર જિરાફની ગરદન પર એની ચાંચ મારે છે અને ત્યાં હોય એ ટિકસ ખાઇ જાય છે અને ટિકસની અંદરનું લોહી પણ પી જાય છે. એ ઝીબ્રાના કાનની અંદર પણ ચાંચ મારે છે.

સફાઇ ચાલતી હોય ત્યારે જિરાફ ઊંઘી જાય છે. જિરાફને જગાડવા માટે ઓક્સપેકર જોરથી અવાજ કરે છે અને એની પાંખો ફફડાવે છે. એ જિરાફને જોખમની ચેતવણી આપે છે. આ પક્ષી મિત્ર એના મિત્રને સાફ અને સુરક્ષિત રહેવામાં મદદ કરે છે.



કેટલ ઇગ્રેટ (ઢોર બગલો) ના પણ મોટા મિત્રો છે.

સ્ટોમ્પ! એક ગેંડો ધીરે-ધીરે આગળ વધે છે. ઘાસમાં સંતાયેલા ખડમાકડી જીવડાં અચાનક હવામાં ઉડે છે. એ ગેંડાના જાડા પગથી બચવાની કોશિશ કરે છે. ઇગ્રેટ ભાગતા જીવડાને પકડી લેય છે.

બદલામાં, ઇગ્રેટ ચોકીદારી કરે છે કારણકે ગેંડાની દ્રષ્ટિ બહુ નબળી હોય છે. ઇગ્રેટ ગેંડાની પીઠ પર બેસી જાય છે. જયારે એ કોઇ શિકારીને જુએ છે, તો એ બહુ જોરથી અવાજ કરે છે, એટલે ગેંડો કોઇ સુરક્ષિત જગ્યાએ જતો રહે છે. જુઓ કેવો છે પીંછાવાળો મિત્ર!

ગેંડાથી વિપરીત, શાહમૃગની નજર સારી હોય છે. એની લાંબી ડોક એને દૂર સુધી જોવામાં મદદ કરે છે. પણ જયારે એ ઘાસ ખાવા માટે એની ડોક નીચી કરે છે, ત્યારે કોઈ પણ એની ઉપર ચુપકીદીથી હુમલો કરી શકે છે. ઝીબ્રાની નજર સારી નથી હોતી, પણ એની સાંભળવાની ક્ષમતા બહુ સારી હોય છે. એટલે એ જોડાઇ જાય છે.

શાહમૃગ અને ઝીબ્રા ઘણીવાર સાથે મુસાફરી કરે છે. એ વારાફરતી ખાય છે, જેનાથી એક હંમેશા નજર રાખી શકે. એક સિંહ સમૂહ પાસે આવે છે. ઝીબ્રા સૌથી પહેલા એનો અવાજ સાંભળે છે અને એ ચેતવણી આપે છે. દૂર જતા રહો! શાહમૃગ ઉડી શકતા નથી, પણ એ ઝડપથી દોડી જરૂર શકે છે.

એક બહુ નાનું આફ્રિકન પક્ષી હનીગાઇડ છે. એની દોસ્તી હની બેજર (ધોરખોદિયો) સાથે છે, જે દુનિયાનું સૌથી બળવાન જાનવરોમાંનું એક છે. એ બંનેનું નામ એના મનપસંદ ખાવાના નામ પરથી પડયું છે. એ શું છે! મધ! પણ એ સાથે મળીને કામ ન કરે તો મધ મળી ન શકે.

ચતુર હનીગાઇડ મધમાખીઓનો પીછો કરીને એના ઝાડ પરના એના મધપૂડા શોધે છે. પણ આ નાનું પક્ષી એટલું બળવાન નથી કે મધપૂડાને તોડી શકે. એ અવાજ કરીને હની બેજરને સચેત કરે છે અને મધપૂડા સુધી લઇ જાય છે. હની બેજર મધપૂડાને ચીરીને મધ ચૂસે છે. પછી હનીગાઇડ મધપૂડાને ખાઇ જાય છે. મીઠું મધ!

પાણીના જીવ

શાર્ક ભલે ડરામણી લાગે, પણ એ એક સારી સાથી બની શકે છે. ટાઇગર શાર્ક એક રેમોરા માછલીને મફતમાં મુસાફરી કરાવે છે. આ નાની માછલીને "શાર્ક સકર" ઉપનામ આપવામાં આવ્યું છે. એને ચપટું માથું અને એક ખાસ ડિસ્ક હોય છે જે શાર્કને ચૂસે છે.

શાર્ક બહુ ગંદી રીતે ખાવાનું ખાય છે. રેમોરાને મફત ખાવાનું મળે છે જે શાર્કનું બચેલું ખાવાનું હોય છે. એ પછી શાર્કની ત્વચા સાફ રાખે છે. શાબાશ!

રેમોરા બીજા પ્રકારની શાર્ક, થોડી વ્હેલ, દરિયાઇ કાચબા અને મોટી સ્ટીન્ગર માછલીઓને પણ ચૂસે છે. ક્યારેક તો એ માનવ મરજીવાને પણ ચોંટી જાય છે!

ક્લીનર રાસ ઘણા દરિયાઈ જીવોની મદદ કરે છે. કેવી રીતે? એ એના દાંત સાફ કરે છે! રાસ નાચીને જણાવે છે કે એ કામ કરવા તૈયાર છે.

મોઢું ખોલો! એક મોરે ઈલ હલવાનું બંધ કરે છે અને એનું મોઢું ખોલે છે. રાસ તરીને અંદર જાય છે. એ ઈલના દાંત અને ચૂઈ (શ્વશન અંગ) માં ભરાયેલું ખાવાનું કાઢે છે. ઈલ સહેલાઇથી માછલીને ખાઈ શકે છે, પણ એ એના સહાયકને કોઈ નુકસાન પહોંચાડતી નથી.

ઘણી વાર રાસના ગ્રાહક એના વારાનો રાહ જોવા માટે લાઈન લગાવે છે. રાસ ઝડપથી કામ કરે છે. એ એક કલાકમાં 300 થી વધારે મોટી માછલીઓને સાફ કરી શકે છે!

સી-એનીમોન દેખાવમાં એક વનસ્પતિ જેવું લાગે છે, પણ કહીકતમાં એ એક સાધારણ જીવ છે. એનીમોન માછલીઓને ડંખ મારે છે અને એને ખાઇ જાય છે. પણ ક્લાઉનફિશને નહીં! આ રંગબેરંગી માછલી સી-એનીમોનમાં સુરક્ષિત રીતે સંતાઇ શકે છે. એનીમોનના તંતુઓના ઝેરથી એને કોઇ નુકસાન થતું નથી. અને એ એનીમોનને ભોજન પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

ક્લાઉનફિશના તેજસ્વી રંગો બીજી એક માછલીને પાસે તરવા માટે પ્રેરિત કરે છે. ધમ્મ! માછલીને ડંખ લાગે છે. ધમ્મ! એનીમોન એ માછલીને એના ટ્યુબ આકારના મોઢામાં ખેંચી લે છે. ક્લાઉનફિશ વધેલા ટૂકડાને સફાયટ કરે છે.

દરિયાઇ ઘોડા (હિપ્પોપોટેમસ) ના ઘણા મદદગાર સાથી હોય છે. એ મોટા ભાગનો સમય પાણીમાં વિતાવે છે. દરિયાઇ ઘોડાની ત્વચા કીડા અને શેવાળથી ઢંકાઇ જાય છે - નાના પાણીના છોડ. એ આ ઉપદ્રવી જીવને પોતે હટાવી શકતો નથી.

આ આવી ગઇ દરિયાઇ ઘોડાની સફાઇ ટોળકી! એક આફ્રિકન હેલ્મેટ કાચબો દરિયાઇ ઘોડાની પીઠ પર ચઢી જાય છે. એ છોડને ખાઇ જાય છે અને સૂર્યના તાપમાં શેકાય છે. ત્યાં એક ઓક્સપેકર નીચે ઉતરે છે અને થોડી લોહી ચૂસતી સ્વાદિષ્ટ જીવાતને ખાઇ જાય છે.

સફાઇ દળના અંતિમ સદસ્ય લાબીઓ માછલી છે. એ દરિયાઇ ઘોડાને ફરતે અને એના વિશાળ મોઢાની અંદર તરીને એની ત્વચા, દાંત, અને જીભ સાફ કરે છે. કેવી મદદગાર ટોળકી!

દરિયાઇ ઇગુઆના દુનિયાની એકમાત્ર ગરોળી છે જે સમુદ્રમાં રહે છે. એનું એકમાત્ર ભોજન શેવાળ છે. પાણીમાં રહેવાથી ઇગુઆના ના શરીર પર ઘણા કીડા ચોંટી જાય છે. એનો સફાઈકર્તા છે રંગબેરંગી સેલી લાઇટફુટ કરચલો.

ઇગુઆના એક ખડક પર સૂર્યનો શેક લઈ રહ્યું છે. સ્કીટર! એક મોટો લાલ કરચલો એની ઉપર ફરે છે. કરચલો જલ્દીથી ઇગુઆના ના શરીર પરથી કીડા અને મૃત ત્વચા ઉપાડે છે અને ભાગી જાય છે. સુરક્ષિત સ્થાન પર કરચલો કીડા અને મૃત ત્વચાને સ્વાદિષ્ટ નાશ્તાની જેમ ખાય છે.

જોકે, ઇગુઆના અને કરચલો મિત્ર-શત્રુ જેવા છે. ક્યારેક વિશાળ કરચલો એક બેબી ઇગુઆના ને ચોરીને ખાઈ જાય છે.

હે ભગવાન!

નાના મિત્રો

એફિડ્સ નાના-નાના કીડા હોય છે જે છોડ પર રહે છે અને એને નુકસાન પહોંચાડે છે. પણ મંકોડાને એફિડ્સ ભોજન માટે પસંદ છે. ના, મંકોડા એફિડ્સ ખાતા નથી! એમાંથી એને હનીડયુ (મધ જેવો ચીકણો પદાર્થ) મળે છે.

એફિડ્સ છોડમાંથી રસ ચૂસે છે. એની ખાંડ એના શરીરમાં હનીડયુ બની જાય છે. મંકોડા એફિડ્સની પીઠ પર અડે છે જેને લીધે હનીડયુ છુટ્ટં થાય છે.

મંકોડા હનીડયુ પિયે છે અને વધારાનું એના માળામાં ભેગું કરે છે. બદલામાં, એ એફિડ્સની સારી રીતે દેખભાળ કરે છે. એ એવા લેડીબગ્સ પર પણ હૂમલો કરે છે જે એફિડ્સને પકડવાની અને ખાવાની કોશિશ કરે છે.

વૃક્ષની કીડીઓ અને રુફસ લક્કડખોદ પણ અજબ સાથી છે કારણકે એ ક્યારેક દુશ્મન પણ બની જાય છે. લક્કડખોદ સાધારણ રીતે ઘણી વૃક્ષની કીડીઓને ખાઈ જાય છે. વૃક્ષની કીડીઓ પણ લક્કડખોદને ડંખ મારે છે. એ વૃક્ષ પર લટકતા એના માળાનું રક્ષણ કરે છે.

પણ વસંતમાં કંઈક આશ્ચર્યજનક થાય છે. કીડીઓ માળા બનાવે છે. એ એક કાણું છોડે છે જેની અંદર માદા રુફસ લક્કડખોદ એના ઇંડા મૂકી શકે છે. વાહ!

કીડીઓ, લક્કડખોદના ઇંડા સેવાય પછી એના બચ્ચાને એકલા છોડી દેય છે. માદા પક્ષી એના માળાનો ઉપયોગ કરવા દેવા માટે કીડીઓનો આભાર નથી માનતી. એ માળાનું રક્ષણ ત્યાં સુધી કરે છે જ્યાં સુધી બચ્ચા ઉડી નથી જતા. એના પછી પક્ષી અને કીડીઓ ફરી દુશ્મન બની જાય છે - આગલી વસંત સુધી!

થોડા જીવ બીજાની મદદ કરે છે પણ બદલામાં એને કંઈ મળતું નથી. મદદ કરવાથી એને કોઈ ખાસ નુકસાન નથી થતું, એટલે એને કોઈ તકલીફ નથી થતી. એને સહભોજિતા કહેવાય છે. એનો અર્થ છે "સાથે મળીને ખાવાનું".

કૃત્રિમ વીંછી એક નાનો જીવ છે. એ ડંખ વગરના વીંછી જેવો દેખાય છે. એ ઉડી શકતો નથી અને ઝડપથી ચાલી શકતો નથી. એટલે એ કોઈ સવારીને પકડી લેય છે!

એક માખી પાસે બેસે છે. એક કૃત્રિમ વીંછી એના આંકડાથી માખીને ધીરેથી પકડે છે. માખી સાથે ઊડતી વખતે એ શિકારીઓથી સુરક્ષિત રહે છે. જ્યાં જવાનું હોય છે ત્યાં પહોંચ્યા પછી એ ઉતરી જાય છે. એ મફતમાં ઘરે પહોંચે છે!

બેક્ટિરિયા બહુ નાના જીવ હોય છે. એ બધી જગ્યાએ હોય છે, તમારા શરીર પર પણ. અરરરર! પણ થોડા બેક્ટિરિયા એવા જીવો માટે ઉપયોગી હોય છે જેને એ પોતાનું ઘર કહે છે. એ તમને અને બીજા જાનવરોને ભોજન પચાવવામાં મદદ કરે છે.

વિશાળ પાંડા સાધારણ રીતે ફક્ત એક જ વસ્તુ ખાય છે - એક છોડ જેને વાંસ કહેવાય છે. ચાવો! ચાવો! પાંડા એટલો વાંસ ખાય છે કે એને પચાવવા માટે એને મદદની જરૂર પડે છે. બેક્ટિરિયા એની મદદે આવે છે! પાંડાના પેટમાં રહેલા સારા બેક્ટિરિયા એને સ્વસ્થ અને સારું રાખે છે.

એક સ્લોથ (દક્ષિણ અમેરિકાનું રીંછ જેવું એક મંદ ગતિવાળું પ્રાણી) ફક્ત વનસ્પતિ ખાય છે. એના ફરમાં પણ વનસ્પતિ જીવે છે. સ્લોથ એટલી ધીમી ગતિથી ચાલે છે કે એનું ફર લીલી શેવાળથી ઢંકાયેલું હોય છે. શેવાળ એને બીજી વનસ્પતિ સાથે ભળી જવામાં મદદ કરે છે. નાની વનસ્પતિ સ્લોથ માટે થોડું ઉપયોગી ભોજન પણ પ્રદાન કરે છે.

સ્લોથના મિત્ર નાના જીવડાં પણ હોય છે. સ્લોથ શલભ ફક્ત સ્લોથના ફરમાં રહે છે. વયસ્ક શલભ શેવાળ ખાય છે. પણ નાના શલભ કંઈક ખાસ ખાય છે - સ્લોથનું મળ! છી!

મદદરૂપ ઘરો

બીવર એક મહત્વપૂર્ણ પશુ સાથી છે. એ નદીનું ક્ષેત્ર બદલીને ત્યાં રહેવાવાળા ઘણા નદીના જીવોને મદદ કરે છે.

કુતર! કુતર! બીવર નાના ઝાડોને ત્યાં સુધી કાતરે છે જ્યાં સુધી એ પડી ન જાય. પછી એ ઝાડોને હટાવીને એક બંધ બાંધે છે જે તેજ વહેતી નદીને એક તળાવમાં બદલી નાખે છે. એ પાણીની નીચે બોગદા પણ ખોદે છે. બીવર બહુ મહેનતુ હોય છે.

હવે સૅમન માછલી અને દેડકા શાંત પાણીમાં એના ઈંડા મૂકી શકે છે. હંસ અને બતક બંધ પર એના માળા બનાવે છે. અને બીવર બોગદામાં એના બચ્ચાને જન્મ આપે છે. એ બધા બીવરના તળાવમાં એક સાથે રહે છે. કેટલું ખુશહાલ ઘર છે!

ગોફર કાચબો બીજા જાનવરો માટે પણ ઘર બનાવે છે. એનું નામ ગોફરના નામ પરથી પડયું છે, જે એક મોટો ઉંદર હોય છે, અને જે જમીનની નીચે ખોદીને ઘર બનાવે છે. ખોદો! ખોદો! ગોફર કાચબો રેતીમાં એક મોટું દર બનાવે છે. એ લગભગ 25 ફીટ લાંબુ અને 10 ફીટ ઊંડું હોઈ શકે છે.

300 થી વધારે વિભિન્ન પ્રકારના જાનવર કાચબાના ઘરનો ઉપયોગ કરે છે. ગોફર દેડકો અને પૂર્વીય વાદળી સાપ ગરમીથી બચવા ઉનાળામાં ત્યાં રહે છે. જંગલની આગથી બચવા માટે એકમાત્ર સુરક્ષિત જગ્યામાંથી એક આ દર છે.

ભાગો, ભાગો! આ નાનો દેડકો સાપથી બચવા માટે મોટા કરોળિયાની નીચે સંતાઇ જાય છે. દેડકો, કરોળિયાનું વધેલું ખાવાનું એના ટેડપોલ (કુમળા બચ્ચા) ને પણ ખવડાવે છે. દેડકો કરોળિયાના ઇંડા ખાવાવાળી કીડીને ખાઈને કરોળિયાની મદદ કરે છે.

લેસરબ્લેક ટેરેન્ટયુલા (એક જાતનો કરોળિયો) પણ દર બનાવે છે. એ દિવસના એના દરમાં ઊંઘે છે. રાત્રે, એ કીડા અને દેડકાનો શિકાર કરે છે. પણ એ એક જાનવરને એના દરમાં રહેવા દેય છે - એક નાના દેડકાને!

ટપકાંવાળો ગુંજન કરતો દેડકો આ કરોળિયાનો મિત્ર હોય એવું લાગે છે. બંને જીવ ઇંડા પણ લગોલગ મૂકે છે. કેટલું સુંદર!

ઉધઇ એક વિશાળ માટીનું ઘર બનાવે છે જેને (માટીનો) ટેકરો કહેવાય છે. જયારે એની રાણી મરી જાય છે તો એ ટેકરાને છોડી દેય છે. પછી આ ટેકરો ઘણા અન્ય જાનવર મિત્રોનું ઘર બની જાય છે. સૌથી પહેલા, વામન નોળિયાનો એક પરિવાર ત્યાં રહેવા આવે છે.

પણ નોળીયા બહુ ગંદા હોય છે. એટલે એ ટેકરાની એક પ્લેટેડ ગરોળી સાથે ભાગીદારી કરે છે. ગરોળી એના ઘરને સાફ રાખે છે. કેવી રીતે? એ નોળીયાનું મળ ખાય છે!

વામન નોળીયા હોર્નબિલ પક્ષી સાથે પણ કામ કરે છે. એ સાથે મળીને કીડાને શોધે છે. હોર્નબિલ એ કીડાને પકડે છે જેને નોળિયો ખોદીને બહાર કાઢે છે. સંકટ જોઇને પક્ષી ચેતવણીનો અવાજ પણ કરે છે. ભાગો, ચાલો નહીં! નોળીયા પોતાના ટેકરા પર જલ્દીથી પાછા ફરે છે.

ગોબી એક નાની માછલી છે જે સમુદ્રના તળિયે રહે છે. એ ખોદી શકતી નથી, એટલે એ એક આંધળા ઝીંગા સાથે એક જ ઘરમાં રહે છે. ઝીંગા પાસે ખાડો ખોદવા માટે મોટા પંજા હોય છે, પણ એ જોઇ શકતો નથી. એટલે ગોબી ચોકીદારીનું કામ કરે છે.

ડોકિયું કરો! જો બધું શાંત હોય, તો ગોબી પહેલા તરીને બહાર આવે છે. ઝીંગા એનો પીછો કરે છે અને એના સ્પર્શેન્દ્રિયથી માછલીની પૂંછડીને અડે છે. હે માડી! ગોબી એક શાર્કને જુએ છે. એ ઝીંગાને સંકેત આપવા એની પૂંછડી હલાવે છે. બંને તરીને પાછા અંદર જતા રહે છે.

ઝીંગા રેતીથી ખાડાને બંધ કરે છે. બન્ને સુરક્ષિત રીતે અંદર ઊંઘી જાય છે.

ભાઉ! ભાઉ! પહેરેદાર કૂતરા ચોર માટેના એલાર્મ જેવું કામ કરે છે. એ સંકટ જોઈને, સાંભળીને અથવા સૂંઘીને ભસે છે. એનાથી લોકો ચેતી જાય છે અને સંકટને દૂર રાખે છે.

કૂતરા બીજા પણ ઘણા કામ કરે છે. એ સ્લેજ ખેંચે છે, પક્ષીઓનો શિકાર કરે છે, ઘેટાંના ટોળાને સંભાળે છે અને એવા લોકોને રસ્તો દેખાડે છે જે બરાબર જોઈ શકતા નથી. ઘણા કૂતરા આલિંગન આપવામાં અને ચુંબન કરવામાં નિષ્ણાત હોય છે. વાહ!

સૌથી સારો પશુ મિત્ર કોણ છે?

કૂતરો!

એ ઘણા માણસોનો સૌથી સારો મિત્ર હોય છે.

કૂતરા હજારો વર્ષોથી માણસો સાથે રહેતા આવ્યા છે. એ એવા લોકો સાથે રહ્યા જે એને ખાવાનું આપે છે અને બદલામાં એ લોકોની રક્ષા કરે છે.

થોડા જાનવર એના મિત્રોની થોડીઘણી મદદથી પહોંચી વળે છે. એવા જાનવર જે એકબીજાને ઇજા કરી શકે છે અથવા ખાઈ શકે છે, એ પણ થોડા સમય માટે સાથે-સાથે રહી શકે છે. ઘણા જીવ સાથે મળીને કામ કરીને સૌથી સારું જીવન જીવે છે. શું તમે પણ એના સહયોગી બની શકો છો?

સમાપ્ત